પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૮૦ | ૩૧ મે, ૨૦૧૯, શુક્રવાર; વૈશાખ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મૈ નરેન્દ્ર દામોદરદાસ મોદી...

નવી દિલ્હી,તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બીજી વખત દેશના વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારોહમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મોદીને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. વડાપ્રધાન બાદ અગાઉની સરકારમાં ગૃહમંત્રી રહેલા લખનૌમાંથી ભાજપના સાંસદ રાજનાથસિંહે હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા. આની સાથે જ સ્પષ્ટતા થઇ ગઇ છે કે, મોદી સરકારમાં તેમનું કદ બીજા નંબરનું રહેશે. સરકારમાં ત્રીજા નંબરે અમિત શાહે કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. મોદીની સાથે ૨૪ કેબિનેટ મંત્રીઓએ શરૂઆતમાં શપથ લીધા હતા જેમાં નીતિન ગડકરી, સદાનંદ ગૌડા, નિર્મલા સીતારામન, રામવિલાસ પાસવાન, નરેન્દ્રસિંહ તોમર, રવિશંકર પ્રસાદે શપથ લીધા હતા. હર્ષસિમરત કૌરે પણ શપથ લીધા હતા. પૂર્વ વિદેશ સચિવ જયશંકરે પણ કેબિનેટમંત્રી તરીકે શપથ લઈને તમામને ચોંકાવી દીધા હતા. અમેરિકા સાથે ન્યુક્લિયર ડીલ ઉપરાંત ચીન સાથે ડોકલામ વિવાદને જોરદારરીતે ઉકેલવામાં તેમની ભૂમિકા હતી. ચીન અને અમેરિકામાં તેઓ ભારતના રાજદૂત પણ રહી ચુક્યા છે. આ વખતે પૂર્વ કેટલાક મુખ્યમંત્રીઓને પણ મંત્રી તરીકે સામેલ કરવામાં આવ્યા છે. ડો. હર્ષવર્ધન, પ્રકાશ જાવડેકર, પીયુષ ગોયેલે પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. ભાજપના મુસ્લિમ ચહેરા મુખ્તાર અબ્બાસ નકવીએ પણ કેબિનેટમંત્રી તરીકે શપથ લીધા હતા. મહેન્દ્રનાથ પાંડેએ પણ કેબિનેટમંત્રી તરીકે શપથ લીધા હતા. કેબિનેટ મંત્રી તરીકે શપથ

● અનુસંધાન પાન-૭ પર



- વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ શપથ ગ્રહણ કર્યા
- દેશમાં સતત બીજી વાર પૂર્ણ બહુમતવાળી બિન કોંગ્રેસી સરકારે સત્તાનુ સુકાન સંભાળ્યુ
- વડાપ્રધાન મોદીની સાથે અન્ય કેબિનેટ મંત્રીઓએ પણ શપથગ્રહણ કર્યા
- અમિત શાહ, રાજનાથસિંહ, પિયૂષ ગોયલ, સીતારમણ સહિતના નેતાઓનો સમાવેશ
- અમિત શાહ પ્રથમવાર કેબિનેટ મંત્રી બન્યા
- ગુજરાતમાંથી અમિત શાહ, મનસુખ માંડવિયા અને પુરષોત્તમ રૂપાલાનો મંત્રીમંડળમાં સમાવેશ









## ન્યુઝ ટ્રેક

### નીરવ મોદીના રીમાન્ડ ૨૭મી સુધી વધ્યા

નીરવ મોદીને લંડનની વેસ્ટમિંસ્ટર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પીએનબી કૌભાંડના આરોપી નીરવ મોદીના રીમાન્ડ ૨૭મી જૂન સુધી વધારવામાં આવ્યા છે. જજે ભારત સરકારને પુછ્યુ છે કે ભારતમાં નીરવને કઈ જેલમાં રાખવામાં આવશે તેની માહિતી આપવી.

### રાહુલ ગાંધી અને શરદ પવાર વચ્ચે મુલાકાત

ચૂંટણીમાં સતત હાર અને ઘણા મોટા નેતાઓ ભાજપ અને શિવસેનામાં જોડાયા પછી મહારાષ્ટ્ર કોંગ્રેસ અને શરદ પવારની એનસીપીમાં હલચલ જોવા મળી રહી છે. આ સંજોગોમાં એનસીપી અને કોંગ્રેસ મર્જ થઈ જાય તેવી ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. આ દરમ્યાન રાહુલ ગાંધીએ શરદ પવારના ઘરે જઈને તેમની સાથે મુલાકાત કરતા જાતભાતની અટકળો વહેતી થઈ છે.

### ઈઝરાયલમાં ફરી ચૂંટણી યોજાશે

ઈઝરાયલમાં આ વર્ષે માર્ચમાં થયેલી ચૂંટણીમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની લિકુડી પાર્ટીને સૌથી વધુ સીટો મળી છે. તેમછતાં છેલ્લા છ અઠવાડિયામાં બીજી પાર્ટીઓની સાથે ગઠબંધન બનાવવામાં નિષ્ફળ રહ્યા બાદ અહીં ફરીથી ચૂંટણીઓ યોજાઈ શકે છે.

# ટીવી ચેનલો પર ડિબેટમાં ભાગ નહિ લેવાનો કોંગ્રેસ પ્રવક્તાઓને આદેશ

**પ્રવક્તા એક મહિના સુધી ડિબેટમાં નહીં દેખાય : લોકસભા ચૂંટણીમાં કારમી હાર અને નૈતિક જવાબદારી સ્વીકારીને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના રાજીનામાની વચ્ચે તમામ પ્રવક્તાઓને આદેશ કરાયો**

નવી દિલ્હી,તા. ૩૦

લોકસભાની ચૂંટણીમાં કારમી હાર અને આ હાર માટેની નૈતિક જવાબદારી સ્વીકારી લઈને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આપેલા રાજીનામા પર સસ્પેન્સ વચ્ચે કોંગ્રેસ પાર્ટીએ આજે મોટો નિર્ણય કર્યો હતો. કોંગ્રેસ પાર્ટીમાં કારમી હાર બાદ દેશના જુદા જુદા રાજ્યોમાં ભારે હતાશા દેખાઈ રહી છે. કોંગ્રેસ પાર્ટીમાં રાજીનામાનો દોર જારી છે. આવી વિકટ સ્થિતીમાં હવે કોંગ્રેસ પાર્ટીએ તમામ પ્રવકતાઓને ટીવી ડિબેટમાં ભાગ ન લેવાનો આદેશ કર્યો છે. એક મહિના સુધી ટીવી ડિબેટમાં કોંગ્રેસના પ્રવકતા હવે દેખાશે નહીં. કોંગ્રેસના પ્રવકતા અને મિડિયા ઈન્ચાર્જ રણદીપ સુરજેવાલા દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. સુરજેવાલાએ ટ્વીટ કરીને કહ્યુ છે કે કોંગ્રેસે એક મહિના સુધી ટીવી પર થનાર ડિબેટમાં પોતાના પ્રવકતાને ન મોકલવાનો નિર્ણય કર્યો છે. તમામ મિડિયા ચેનલ અને એડિટરોને પણ અપીલ કરવામાં આવી છે કે કોંગ્રેસના પ્રતિનિધીઓને હાલમાં સામેલ ન કરે. એમ માનવામાં આવે છે કે કોંગ્રેસને લાગે છે કે હાલમાં ચૂંટણી યોજાઈ છે. દેશના લોકોના મુડ મોદી સાથે છે. જેથી તરત જ મોદીનો વિરોધ કરવાની બાબત યોગ્ય રહેશે નહીં. આના કારણે પ્રજામાં સારા સંદેશ જશે નહીં.

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર ભારતમાં ગરમીનો કહેર

**ચોથી જુન સુધી કોઇ રાહત ન મળવાની શક્યતા : વિદર્ભના ચન્દ્રપુર ખાતે તાપમાન ૪૮ ડિગ્રી સુધી પહોંચી ગયુ : દેશમાં તીવ્ર ગરમીથી જનજીવન સંપૂર્ણપણે ખોરવાયું**

નવી દિલ્હી,તા. ૩૦

દેશના અડધાથી વધુ રાજ્યો હાલમાં ભીષણ ગરમીના સકંજામાં આવી ગયા છે. આ તમામ રાજ્યો ગરમી અને લુના સંકજામાં આવી જતા લોકો ભારે પરેશાન દેખાઈ રહ્યા છે. કાળઝાળ ગરમીથી લોકોને કોઈ રાહત મળે તેવી શક્યતા નહીંવત છે. ભીષણ ગરમીના કારણે લોકો હેરાન પરેશાન થયેલા છે. જનજીવન પર માઠી અસર થઈ છે. ચોથી જુન સુધી ભીષણ ગરમીથી લોકોને રાહત મળવાની શક્યતા નહીંવત છે. વિદર્ભના ચન્દ્રપુર ખાતે પારો ૪૮ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. ભારતમાં આ વર્ષે આ સૌથી ઉંચુ તાપમાન નોંધાયુ છે. દેશના અડધાથી વધુ રાજ્યો માટે હિટવેવને લઈને ચેતવણી જારી કરવામાં આવી છે. આવનાર દિવસોમાં વિદર્ભ,પશ્ચિમી રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાં ગરમ હવા અને લુના કારણે લોકોની હાલત કફોડી બની ગઇ છે. ૩૬ પૈકી ૧૬ હવામાન વિભાગ દ્વારા હિટવેવને લઈને ચેતવણી જારી કરવામાં આવી છે. હાલમાં તીવ્ર ગરમીથી લોકોને રાહત મળનાર નથી. સમગ્ર ઉત્તર ભારતમાં તાપમાનમાં ઘટાડો થવાના કોઈ સંકેત હાલમાં દેખાઈ રહ્યા નથી. બાંદા ખાતે પારો ૪૭.૨ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. હવામાન વિભાગના લોકોનુ કહેવુ છે કે સરેરાશ કરતા વધારે તાપમાન રહેવા માટે એક કારણ અલ નીનો છે. ગરમીનુ પ્રમાણ વધારે હોવા માટે અન્ય કેટલાક કારણો પણ જવાબદાર દેખાઈ રહ્યા છે. ગરમીથી બચવા માટેના તમામ પ્રયાસો લોકો દ્વારા કરવામાં આવી રહ્યા છે. તંત્ર દ્વારા ગરમીથી બચવા કેટલીક સલાહ પણ આપી છે. દેશના જુદા જુદા ભાગોમાં ભીષણ ગરમી પડી રહી છે. ઉત્તરભારતમાં બુંદેલ ખંડ વિસ્તારમાં સૌથી વધુ ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. એલનિનોની સાથે દેશની અંદર સાયક્લોનની સ્થિતિ પણ આનું કારણ છે. તાપમાન ૪૫થી ૪૭ સુધી રહેવાની પ્રબળ સંભાવના દેખાઈ રહી છે.

# આંધ્રપ્રદેશમાં જગનમોહનની મુખ્યપ્રધાન તરીકે તાજપોશી

**સખત પરિશ્રમ અને મહેનત અંતે રંગ લાવી : હાલમાં જ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ જીત મેળવ્યા બાદ મુખ્યમંત્રી તરીકે શપથ : અનેક પડકારો**

અમરાવતી, તા. ૩૦

આંધ્રપ્રદેશના નવા મુખ્યમંત્રી તરીકે જગનમોહન રેડ્ડીએ આજે શપથ લીધા હતા. ખુબ જ સંઘર્ષ કરીને જગનમોહન રેડ્ડી આગળ આવ્યા છે. પિતા વાયએસ રાજશેખર રેડ્ડીના અચાનક અવસાન બાદ કોંગ્રેસ હાઈકમાન્ડની ઉપેક્ષા અને આવક કરતા વધુ સંપત્તિ રાખવાના મામલામાં જેલમાં પણ જવાની રેડ્ડીને ફરજ પડી હતી. આખરે તેમની મહેનત અને સંઘર્ષનો ફાયદો થયો છે. આજે જગનમોહન રેડ્ડીએ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકેના જગનમોહન રેડ્ડીએ શપથ લીધા ત્યારે મોટી સંખ્યામાં સમર્થકો પણ ઉપસ્થિત રહ્યા હતા. નાના કારોબારીથી લઈને શક્તિશાળી નેતા બનવા સુધી તેમની કેરિયર ખુબ જ સંઘર્ષપૂર્ણ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

જુના અને જાણીતા
રહીમચાચા
રત્નાગીરી હાફુસ કેરીની સીઝન પુરી થવામાં.
જો જો રહી ના જતા


નોંધ
તા. ૯-૬-૧૯
છેલ્લો દિવસ
ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧

CELEBRATING 69 YEARS
શુદ્ધતા, ગુણવત્તા અને
વિશ્વાસનો પર્યાય, એ બી જ્વેલ્સ્
69 એનિવર્સરી નિમિત્તે
પ્રસ્તુત કરે છે
DIAMOND FEST
5 જુન, 2019 સુધી

100%* સુધીનું ડિસ્કાઉન્ટ રીયલ ડાયમંડ
જ્વેલરીના ઘડામણ પર
*શરતોને આધીન
• સર્ટિફાઈડ ડાયમંડ
• બાય-બેક ગેરેંટી
• બેસ્ટ એક્સચેન્જ વેલ્યુ
• ગ્રહોના નંગ પર આકર્ષક ઑફર
એ બી જ્વેલ્સ્
આપનું ગર્વ!
ડાયમંડ • પ્લેટિનમ • ગોલ્ડ • સિલ્વર
અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મૉલ
સેટેલાઇટ, અમદાવાદ.
079 - 40402525
રવિવારે રજા.